# ગાંધીનગરની દિકરી "નૃપાક્ષી" યુક્રેનમાં ફસાઈ

## યુક્રેનના ટર્નોફિલ શહેરમાં તબીબી અભ્યાસ કરતી નૃપાક્ષીની તા. ૨૮મીની ટિકિટ હતી પરંતુ એરસ્પેસ બંધ થઈ જતાં સલવાઈ : સે. ૨ માં રહેતો તેનો પરિવાર દિકરીના સહી સલામત પરત ફરવાની ચિંતામાં

ગાંધીનગર, તા. ૨૫

રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધમાં ભારતીય વિદ્યાર્થીઓ જેઓ ઉચ્ચ અભ્યાસ અર્થે યુક્રેનમાં છે તેમની હાલત કફોડી થવા પામી છે. યુદ્ધની આ પરિસ્થિતિમાં ગાંધીનગરની પણ એક દિકરી નૃપાક્ષી નિલેશભાઈ ચૌહાણ પણ યુક્રેનના ટર્નોફિલ શહેરમાં છે જેના માતા-પિતા સહિત તમામ પરિવારજનો તેના સહી સલામત પરત ફરવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. ગાંધીનગર સમાચારે નૃપાક્ષીના પિતા નિલેશભાઈ સાથે વાત કરી હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે "હાલ તેમની દિકરી તેના મિત્રો સાથે સહી સલામત છે અને અમે તેની સાથે સતત સંપર્કમાં છીએ. અમે એમ્બેસી સાથે પણ સંપર્કમાં છીએ, બસ તે ઝડપથી ઘરે આવી જાય તેની રાહ જોઈ રહ્યાં છીએ."

યુક્રેનમાં ટર્નોફિલ મેડિકલ યુનિવર્સિટી ખાતે આશરે ૬૦૦ થી ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે જે પૈકી આશરે ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ગુજરાતી છે જેમાં ગાંધીનગરની એકમાત્ર વિદ્યાર્થીની નૃપાક્ષી ચૌહાણનો સમાવેશ થાય છે જે મેડીકલના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. જયારે યુદ્ધની પરિસ્થિતિ સર્જાઈ ત્યારે જ નૃપાક્ષીના પિતાએ દિકરીને પરત ઘરે આવી જવા માટે એરટિકીટનું બુકિંગ કરાવ્યું હતું તે તા. ૨૮મી ફેબ્રુઆરીનું મળ્યું હતુ પરંતુ કમનસીબે યુદ્ધ શરૂ થઈ ગયા પછી અત્યારે એરસ્પેસ બંધ થઈ જવા પામી છે. આ દરમ્યાન એમ્બેસી દ્વારા નૃપાક્ષી સહિતના વિદ્યાર્થીઓને રોમાનિયા, પોલેન્ડ કે હંગેરી જ્યાં જઈ શકાય ત્યાં પહોંચી જવા સલાહ આપી છે. તેઓ ત્યાંથી તેમને પરત લાવી શકે. નૃપાક્ષી ટર્નોફિલમાં એક ફલેટ ભાડે રાખીને રહે છે જેની નીચેના ભાગે જ બંકર છે જેમાં અત્યારે તેના મિત્રો સાથે આશ્રય લઈ રહી છે.

નૃપાક્ષીના પિતા નિલેશ ચૌહાણ સે. ૭ માં સાડીની દુકાન ચલાવે છે, નૃપાક્ષીના માતા સીતાબેન સહિત તેઓ નૃપાક્ષીના દાદા-દાદી, ભાઈ-ભાઈ સહિતનો પરિવાર સે. ૨ માં સંયુક્ત કુટુંબમાં રહે છે. નિલેશભાઈના જણાવ્યાં અનુસાર બે દિવસ પહેલાં નૃપાક્ષી તેની એક બહેનપણીને રેલવે સ્ટેશને મુકવા ગઈ હતી જેની કિવ એરપોર્ટથી પરત ફરવાની ટિકિટ હતી પરંતુ તે બહેનપણીને પણ રસ્તામાં અન્ય રેલવે સ્ટેશને રોકાઈ જવું પડ્યુ છે કેમ કે એરપોર્ટ બંધ થઈ ગયું છે અને તે જે રેલવે સ્ટેશને રોકાઈ છે ત્યાં પણ નજીકમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. અત્યારે તો નૃપાક્ષી અને તેના મિત્રો સાથે મળીને કોઈ ખાનગી બસ કે અન્ય વાહનને શોધી રહ્યાં છે જે તેમને યુક્રેનની સીમા બહાર પહોંચાડે, શક્ય છે કે તેનો ખર્ચ ભારતીય ચલણમાં રૂ. ૭ થી ૮ લાખનો થઈ શકે છે અને તે પણ એડવાન્સમાં ચુકવીને પોતાના જોખમે મુસાફરી કરવાની છે. હાલ આ વિદ્યાર્થીઓ પાસે પુરતો ખોરાકનો જથ્થો તો છે પરંતુ ત્યાં પીવાનું પાણી તેના "સ્ટેન્ડસ" પર સિક્કો નાંખીને મેળવવાનુ હોય છે જે સ્ટેન્ડ્સ બંધ હોવાથી તેની ચિંતા છે. યુક્રેનમાં અત્યારે તમામ બજાર-શોપીંગ મોલ-દુકાનો વગેરે પણ બંધ છે.

### અમારા માટે વધુ ફલાઈટની વ્યવસ્થા કરો : નૃપાક્ષી



ગાંધીનગર સમાચારે નૃપાક્ષી સાથે વાત કરી હતી જેમાં તેણે જણાવ્યું હતું કે "પહેલાં બે દિવસ અમારા બધા માટે ઘણા મુશ્કેલ રહ્યાં, અહીં અમે અને ભારતમાં અમારા માતાપિતાએ પણ ઘણી બધી સમસ્યાઓનો સામનો કર્યો. તેઓ અમારા વિશે માટે ચિંતિત છે. ગઈકાલે રાત્રે અમારા શહેરમાં એક ઉચ્ચ ચેતવણી હતી અને લગભગ ૧૧.૧૫ વાગ્યે અમે એક એલાર્મ સાંભળ્યું જે આશ્રયસ્થાનોમાં જતા રહેવા માટે વગાડવામાં આવે છે તેથી અમારે બિલ્ડિંગ તે બિલ્ડિંગના ભોંયરામાં બનેલા બંકરો પર જવું પડ્યું છે જ્યાં લાઈટ નથી અને ૩-૪ કલાક અમે સ્થાનિક યુક્રેનિયન લોકો સાથે તે બંકરોમાં રહ્યાં હતા. બધા ખૂબ ડરેલા હતા, અમને પણ ખબર ન હતી કે શું કરવું? અમે અમારા એક પાડોશીને પૂછ્યું અને તેણે કહ્યું કે મહત્વનો સામાન સાથે રાખો અને બિલ્ડિંગ છોડી દો કેમકે એ બંકર એટલું સારું નહોતું. તે હજુ બાંધકામ હેઠળ હતું, તેથી અમે ત્રણેક કલાકથી વધુ માટે સિમેન્ટ અને કોન્સર્ટ પર બેઠાં હતા. આખરે સવારે અમને એમ્બેસી તરફથી માહિતી મળી કે તમે રોમાનિયા કે પોલેન્ડ આવી શકો છો. તમારા માટે ફલાઈટ છે પરંતુ અહીંથી ત્યાં પહોંચવું ઘણું મોંઘું છે અને વિદ્યાર્થીઓને ત્યાં કોઈ પણ સૈન્ય તેમજ બસો વિના જવામાં ખૂબ જ ડર લાગે છે, અહીં કંઈ જ ઉપલબ્ધ નથી. અંતે અમે વિદ્યાર્થીઓના જૂથ બનાવીએ છીએ અને અમે જાતે જ બસો બુક કરવાનું શરૂ કર્યું છે અને હવે અમે પોલેન્ડના માર્ગ પર છીએ, તેથી મારી તમને નમ્ર વિનંતી છે કે કૃપા કરીને ભારતીય દૂતાવાસને અને સરકારને સંદેશ પહોંચાડો કે અમારા માટે હજુ વધુ ફલાઈટની વ્યવસ્થા કરો. જ્યારે વિદ્યાર્થીઓને યુક્રેન છોડવાના સમાચાર મળે છે ત્યારે તેઓએ શરૂ કર્યું હતું, પોલેન્ડ સરકાર પણ અમને તેમના પ્રદેશમાં પ્રવેશવાની મંજૂરી આપે છે, પરંતુ ફલાઈટ વિના અમે ભારત પાછા કેવી રીતે આવીશું? અમે હમણાં જ ત્યાં જઈ રહ્યા છીએ અને તેમને વિનંતી કરી રહ્યા છીએ કે અમારા માટે ફલાઈટની વ્યવસ્થા કરો. અમારું શહેર હાઈ એલર્ટમાં છે, પરંતુ અન્ય મુખ્ય શહેરો જેમ કે કિવ, ઓડેસા, ખારકીવ સૌથી ખરાબ સ્થિતિમાં છે અને હજુ ત્યાં પણ અનેક વિદ્યાર્થીઓ છે.

# ૬ નંબરના રોડ પર સે. ૨૫-૨૬ નજીક ૫૨.૬૬ કરોડના ખર્ચે ફલાય ઓવર બનશે

### રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી : બ્રીજ નિર્માણનો ૭૫ ટકા ખર્ચ સરકાર અને ૨૫ ટકા ખર્ચ રેલવે ભોગવશે

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર અને ઉત્તર ગુજરાતને જોડતા માર્ગ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવાના મનપાના પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મહાનગરપાલિકા દ્વારા સરકારમાં આ અંગેનો ડી.પી.આર. તૈયાર કરી અને રજુ કરવામાં આવ્યો હતો. રોડ નં. ૬ પર આવેલ રેલ્વેફાટક નં. ૧૧ સી પર આ ઓવરબ્રીજ બનાવવામાં આવશે. આને પગલે શહેરમાં આવતા ઉત્તર ગુજરાતના પ્રવાસીઓને મોટી રાહત થશે.

મળતી વિગતો પ્રમાણે રેલ્વે મંત્રાલય અને રાજ્યના સહયોગથી આ પ્રોજેક્ટ અમલી બનશે. રૂ. ૫૨.૬૬ કરોડના ખર્ચે આ ફલાયઓવર બ્રીજ બનાવવામાં આવશે જેમાં ૭૫ ટકા રકમ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે જ્યારે ૨૫ ટકા રકમ રેલવે મંત્રાલય દ્વારા ચુકવવામાં આવશે.

આ ફલાય ઓવર થતાં ઉત્તર ગુજરાતના પ્રવાસીઓને મોટી રાહત થશે. તેમજ આંતર માળખાકીય સુવિધા ઝડપી પરિવહનની વધુ સમૃદ્ધ થશે.

ગાંધીનગર શહેરમાં ૬ નંબરના રોડ પર આવેલ રેલ્વે ક્રોસીંગ નં. ૧૧ સી પર ફલાયઓવર બનતાં જીઆઈડીસી એસ્ટેટમાં ફરજ પર જતા કર્મચારીઓને પણ મોટી રાહત થશે. ૬ નંબરના રોડને સ્માર્ટ રોડ બનાવવાનું આયોજન મનપા દ્વારા નિયત કરવામાં આવેલુ છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરની અસુવિધાઓને ધ્યાને રાખી મુખ્યમંત્રીએ અત્યંત ઝડપથી આ પ્રોજેક્ટ હાથ ધરવા માટે ખાસ સૂચના પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મુખ્યમંત્રીકક્ષાએથી અપાયેલી સૈદ્ધાંતિક મંજૂરીને પગલે મનપાની કચેરીમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

### મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ શતાબ્દી એક્સપ્રેસના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૫

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને ગાંધીનગર કેપિટલ સ્ટેશનો પર ટ્રેન નંબર ૧૨૦૦૯/૧૨૦૧૦ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ શતાબ્દી એક્સપ્રેસના સમયમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુધારો ૨ માર્ચ, ૨૦૨૨થી લાગુ થશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર દ્વારા બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદી મુજબ ૨ માર્ચ, ૨૦૨૨થી ટ્રેન નંબર ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ શતાબ્દી એક્સપ્રેસ ૧૨.૨૨ કલાકને બદલે ૧૨.૨૫ કલાકે અમદાવાદ પહોંચશે અને ૧૨.૩૭ કલાકને બદલે ૧૨.૩૦ કલાકે અમદાવાદથી ઉપડશે. તે મુજબ, આ ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશને ૧૩.૪૦ કલાકને બદલે ૧૩.૨૫ કલાકે પહોંચશે. વળતરની મુસાફરીમાં, ટ્રેન નંબર ૧૨૦૧૦ ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી ૧૪.૨૦ કલાકને બદલે ૧૪.૦૫ કલાકે ઉપડશે.

## રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરીને વેગીલી બનાવવા ડી.ડી.ઓ.ની સૂચના

### રેકર્ડ ડિજીટાઈઝેશનની સાથે સાથે રેકર્ડ વર્ગીકરણની કામગીરી પણ મહત્વની રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેકર્ડ ડીજીટાઈઝેશનની કામગીરીને વેગીલી બનાવવામાં તંત્રની તમામ શાખાઓને ઝડપથી રેકર્ડ ઉપલબ્ધ કરવામાં આવે તેવી સૂચનાઓ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આપી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેકર્ડ ડીજીટાઈઝેશનની કામગીરી ધીમીગતિએ ચાલી રહી હોવાનું જિલ્લા વિકાસ અધિકારીના ધ્યાને આવતાં તેમણે તમામ શાખાધિકારીઓને આ અંગે સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરી છેલ્લા દોઢ માસથી ચાલી રહી છે પરંતુ હજુ સુધી ૧૫ થી ૨૦ ટકા જેટલી જ કામગીરી થયાનું તેમના ધ્યાને આવતાં તેમણે તમામ શાખાઓને આ અંગે તાબડતોબ સૂચનાઓ આપી છે.

રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરીનો રાજ્યમાં ગાંધીનગર જિલ્લા અને તાપી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે. ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ કલોલ તાલુકા પંચાયતના રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરી ચાલી રહી છે.

રેકર્ડ ડિજીટાઈઝેશનની સાથે સાથે રેકર્ડ વર્ગીકરણની કામગીરી પણ મહત્વની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરી માર્ચના અંત પહેલાં સંપન્ન થાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીએ આખુ આયોજન તૈયાર કરી દીધુ હોવાનું જાણવા મળેલ છે.

## વાહ રે પાટનગર : કાયદેસરને મંજૂરી નહીં ને ગેરકાયદેસરને રોક નહીં..!!

### સે. ૭ ના શોપીંગ સેન્ટરના વેપારીઓને બાંધકામ માટે મંજૂરી અપાતી નથી અને રાહતદરના રહેણાંક પ્લોટમાં ગેરકાયદેસર શોપીંગ કોમ્પલેક્ષ ફૂલીફાલી રહ્યાં છે : કાયદેસરની દુકાનધારકોનું દર્દ સરકાર ક્યારે સમજશે ?

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરને રાજ્યના પાટનગર તરીકે આયોજનપૂર્વક વિકસાવાયું છે જેમાં દરેક સેક્ટરમાં વસાહતીઓને પાયાની સુવિધાઓના ભાગ સ્વરૂપે નાના-મોટા શોપીંગ સેન્ટરો બનાવવામાં આવ્યાં હતા. જોકે કાળક્રમે શહેરનો વિકાસ થતાં શહેરમાં ફાળવવામાં આવેલા રાહતદરના રહેણાંક પ્લોટમાં પણ ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ શરૂ થઈ ગયાં અને તેમાં મસમોટાં શોપીંગ સેન્ટરો વિકસી ગયાં છે જ્યારે પાટનગરની મૂળભૂત યોજના અંતર્ગત વિકસાવાયેલા કાયદેસરના શોપીંગ સેન્ટરોના વિકાસની સરકાર પરવાનગી આપતી નથી તેથી તેવા દુકાનધારકો સાથે અન્યાય થઈ રહ્યો છે. શહેરના સેક્ટર-૭ માં મુખ્ય શોપીંગ સેન્ટરના વેપારીમંડળ દ્વારા આ પરવાનગી માટે છેલ્લાં ઘણાં વર્ષોથી રજૂઆત કરવામાં આવી રહી છે પરંતુ ઠાલાં આશ્વાસનો સિવાય હજુ સુધી કંઈ મળ્યું નથી.

વેપારી મહામંડળ દ્વારા જણાવાયું છે કે શહેરના વિવિધ સેક્ટરોના શોપીંગ સેન્ટરમાં દુકાનોની ઉપરના ભાગે બાંધકામ કરવાની પરવાનગી આપવા છેલ્લાં આશરે ૨૦ વર્ષથી વેપારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી રહી છે. શહેરમાં રાહતદરના પ્લોટ પર ગેરકાયદેસર શોપીંગ થઈ જાય છે, દુકાનો બની જાય છે પરંતુ કાયદેસરના શોપીંગ સેન્ટરના દુકાનધારકો તેમની દુકાન નથી શુધરાવી શકતા કે નથી તેના ઉપરના ભાગે નવું બાંધકામ કરી શકતા, તે એક મોટી વિટંબણા છે.

વેપારીઓએ ઉગ્ર રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે સરકારે સેક્ટરમાં દુકાનો હરાજીથી આપી હતી તે વાતને વર્ષો થઈ ગયા અને તેની ડિઝાઈન અત્યારના સમય માટે ખૂબ જુની અને પ્રતિકૂળ છે તેથી

● અનુસંધાન પાન-૭ પર

#### લાલકૃષ્ણ અડવાણીના લોકદરબારમાં રજૂઆત કરાઈ હતી

વેપારીઓએ ઉગ્ર રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે વર્ષ ૧૯૯૨-૯૩ થી તેમની આ માંગણી છે અને તા. ૩૧મી ઓગષ્ટ ૧૯૯૩ના રોજ લોકદરબારમાં તત્કાલીન સાંસદ લાલકૃષ્ણ અડવાણીને પણ રજૂઆત કરવામાં આવી હતી. આ સમયે સુરેશ મહેતા દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની બાંહેધરી પણ આપવામાં આવી હતી. બીજી તરફ સરકારે જે પ્લોટ રહેણાંક માટે રાહતદરે આપ્યાં તેમાં ગેરકાયદેસર દુકાનો બની ગઈ છે જ્યારે આ વેપારીઓએ સરકાર પાસેથી હરાજીમાં કાયદેસર રીતે ખરીદેલી દુકાનોમાં આકાશ-પાતાળ સુધીનો હક્ક માત્ર કહેવા પુરતો આપ્યો છે પરંતુ ઉપર બાંધકામની મંજૂરી નહી આપીને સરકાર આ વેપારીઓ સાથે અન્યાય કરી રહી છે.

એનઆરજી ફાઉન્ડેશને શરૂ કરેલી હેલ્પલાઈન પર

## યુક્રેનમાં ફસાયેલા ૫૭ ગુજરાતી પરિવારોએ તાકિદની સહાય માંગી

### યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓને પરત લાવવાના પ્રયાસો તેજ : મોટાભાગે મેડીકલના વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા છે

ગાંધીનગર, તા. ૨૫

રશિયા અને યુક્રેનના યુદ્ધની આડકતરી અસર ભારત પર પણ જોવા મળી રહી છે. મેડીકલનો અભ્યાસ કરવા માટે હજ્જારો ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેન ગયા છે તેમાં કેટલાક ગુજરાતીઓ પણ સામેલ છે. યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓને પરત લાવવાના પ્રયાસો ગુજરાત સરકારે શરૂ કરી દીધા છે.

રશિયા અને યુક્રેન વચ્ચેનુ યુદ્ધ આજકાલ મીડિયા જગત પર છવાયુ છે. યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળતા તેની અસર ભારત પર પણ થઈ રહી છે. ક્રુડ ઓઈલ અને ખાદ્યતેલના વધતા ભાવોની આગ આપણને દઝાડી રહી છે. તો સેન્સેક્સ ગગડતા અને સોનાનો ભાવ ઉંચકાતા તેની ચિંતા પણ સૌને થઈ રહી છે. આ તો યુદ્ધની પરોક્ષ અસર છે પરંતુ ભારતમાં એવા ઘણા પરિવારો છે જેઓ યુદ્ધની પ્રત્યક્ષ અસર ભોગવી રહ્યા છે. યુક્રેન અને ચીનમાં મેડીકલનો અભ્યાસ કરવાનો ખૂબ જ ક્રેઝ છે. અહી મેડીકલ અભ્યાસનો ખર્ચ ઓછો આવતો હોવાથી ઘણા વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરવા જાય છે. સ્વાભાવિક છે કે ગુજરાતીઓ પણ તેમાં સામેલ છે. ઘણા ગુજરાતી પરિવારોના બાળકો હાલમાં યુક્રેનમાં ફસાયેલા છે તેમને બચાવવા અને પરત લાવવાના પ્રયાસો ભારત સરકારે અને ગુજરાત સરકારે શરૂ કરી દીધા છે.

સામાન્ય વહીવટ વિભાગ હેઠળના એનઆરજી ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે એક હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ગઈકાલથી શરૂ થયેલી આ હેલ્પલાઈન પર અત્યાર સુધી ૫૭ ગુજરાતી પરિવારોના કોલ આવ્યા છે. એનઆરજી ફાઉન્ડેશન ઉચ્ચ અધિકારી વિક્રમસિંહ જાદવે ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલી હેલ્પલાઈન અંગે માહિતી આપતા જણાવ્યુ છે કે ગઈકાલથી અમે હેલ્પલાઈન શરૂ કરી યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓની વિગતો મેળવી રહ્યા છીએ. અમને જે ડેટા મળી રહ્યો છે તેને અમે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સને મોકલી રહ્યા છીએ. હાલમાં યુક્રેનમાં એરસ્પેસ બંધ હોવાથી ત્યાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને યુક્રેનની સરહદ સાથે જોડાયેલા દેશો હંગેરી, સ્લોવેક રિપબ્લિક, પોલેન્ડ અને રોમાનિયામાં બાય રોડ લાવી ત્યાંથી અહીં એરલીફ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મળતી માહિતી મુજબ ભારતથી ચાર જેટલા વિમાનો હંગેરી મોકલવામાં આવ્યા છે. આગામી બે-ત્રણ દિવસમાં જ ભારતીય વિદ્યાર્થીઓને ત્યાંથી એરલીફ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com